# સંરક્ષણ મંત્રી માફી માંગે : ભાજપ

## પાકની નાપાક પ્રવૃત્તિ સામે સંસદમાં ભારે હોબાળો

નવી દિલ્હી, તા. ૭

અંકુશરેખા નજીક ભીષણ હુમલો કરીને પાકિસ્તાની સેના દ્વારા પાંચ ભારતીય જવાનોને મોતને ઘાટ ઉતારી દેવાના મામલે પણ રાજકીય ઘમસાણની શરૂઆત થઈ છે. ભાજપ અને કોંગ્રેસ આમને સામને આવી ગયા છે અને એકબીજા પર આક્ષેપો કરી રહ્યા છે. ભાજપે આજે સંસદમાં આ મુદ્દો જોરદારરીતે ઉઠાવ્યો હતો. સંરક્ષણ મંત્રાલય અને સંરક્ષણ મંત્રીના વિરોધાભાસી નિવેદનને લઈને વાંધો ઉઠાવતા ભાજપે કહ્યુ હતુ કે વડાપ્રધાન મનમોહનસિંહ આ સમગ્ર મામલે સ્પષ્ટીકરણ કરે તે જરૂરી છે. સાથે સાથે સંરક્ષણમંત્રી આના માટે માફી માંગે તે પણ જરૂરી છે. વિપક્ષનાનેતા સુષ્મા સ્વરાજે કહ્યુ હતુ કે સરહદની સુરક્ષા ફુડ બિલ કરતા પણ વધારે મહત્વપૂર્ણ છે. ભાજપના નેતૃત્વમાં વિરોધ પક્ષોએ જોરદાર ધાંધલ ધમાલ મચાવી હતી અને કહ્યુ હતુકે સરહદી સુરક્ષાના મામલે ચર્ચા ફુડ બિલ કરતા પણ વધારે મહત્વની છે. સુષ્મા સ્વરાજે વેધક પ્રશ્નો ઉઠાવ્યા હતા. એલઓસી બનાવના મામલે વિરોધાભાસી નિવેદન કરવા બદલ એન્ટોનીની જોરદાર ઝાટકણી કાઢવામાં આવી હતી. રાજ્યસભામાં એન્ટોનીના નિવેદન અંગે પ્રતિક્રિયા કરતા સુષ્મા સ્વરાજે કહ્યુ હતુકે સંરક્ષણ મંત્રીએ રાજ્યસભામાં આવીને માફી માંગવી જોઈએ. ભારે ધાંધલ ધમાલ જારી રહેતા અધ્યક્ષ મીરાકુમારે લોકસભાની કાર્યવાહી દિવસભર માટે મોકુફ કરી દીધી હતી. લોકસભા અને રાજ્યસભામાં ભાજપના નેતાઓએ હોબાળો મચાવ્યો હતો. એન્ટોનીના નિવેદનને લઈને પ્રશ્નો કરવામાં આવ્યા હતા. દરમિયાનમાં સરકાર તરફથી પણ સ્પષ્ટતા કરવામાં આવી રહી છે. સંરક્ષણ મંત્રાલયે અગાઉ કહ્યુ હતુ કે ૨૦ આતંકવાદીઓ હતા જેમાં પાકિસ્તાની સેના પણ સામેલ હતી આ લોકોએ ભારતીય ચોકીને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો. બીજી બાજુ એન્ટોનીએ કહ્યુ હતુ કે ૨૦ આ ા ત ા ં ક વ ા દી અ ા ે પાકિસ્તાનીસેનાના વેશમાં આવ્યા હતા અને હુમલો કર્યો હતો. એન્ટોનીના નિવેદન અંગે સુષ્માએ કહ્યુ છેકે પાકિસ્તાની સૈનિકોની ભૂમિકાને દૂર કરી દેવામાં આવી હતી. વડાપ્રધાન આ સંબંધમાં નિવેદન કરે અને ખુલાસો કરે તે જરૂરી છે. આ અગાઉ એન્ટોનીના નિવેદનને લઈને ભાજપના નેતા યશવંતસિંહાએ સંસદમાં વિશેષાધિકારના ભંગની નોટિસ આપી હતી. પાકિસ્તાની સેના તરફ એન્ટોની ઇશારો કરી રહ્યા નથી તેની સામે પણ વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

## એલઓસી પર પાકિસ્તાન દ્વારા ફરી વખત ગોળીબાર

શ્રીનગર, તા. ૭

પુંચ સેક્ટરમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા ગોળીબાર કરીને પાંચ ભારતીય સૈનિકોને મોતને ઘાટ ઉતારી દેવાના બનાવ બાદ ભારતમાં જોરદાર નારાજગી પ્રવર્તી રહી છે ત્યારે પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં અંકુશરેખા પર ફરીવાર ગોળીબાર કર્યો હતો. આ બિન ઉશ્કેરણીજનક કરાયેલા ગોળીબારના કારણે તંગદિલી ફેલાઈ ગઈ હતી. સંરક્ષણ પ્રવક્તાએ આજે માહિતી આપતા કહ્યુ હતુ કે એલઓસીના પૂરી સેક્ટરમાં ભારતીય ચોકી પર પાકિસ્તાની સૈનિકોએ ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાએ પણ જવાબી કાર્યવાહી કરી હતી જેના કારણે થોડાક સમય માટે ગોળીબારની રમઝટ જામી હતી. આશરે દોઢ કલાક સુધી ગોળથયો હતો. દરમિયાનમાં ભારતીય સેનાના વડા જનરલ વિક્રમસિંહ પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે આજે પુંચ જિલ્લામાં અંકુશરેખા પર પહોંચ્યા હતા. શહીદ થયેલા ભારતીય જવાનને વિક્રમસિંહે શ્રદ્ધાંજલી આપી હતી. જુદા જુદા દળોના વરિષ્ઠ કમાન્ડરો સાથે જનરલ સિંહે નાગરોટા સ્થિત ૧૬ કોર હેડક્વાર્ટર પહોંચ્યા હતા જ્યાં જીઓસી ઈન લેફ્ટી જનરલ સંજીવ ચાચરા, જીઓસી ૧૬ કોર લેફ્ટી જનરલ ડીએસ હુડાના નેતૃત્વમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ અધિકારીઓએ ગઈકાલે થયેલા હુમલા અંગે માહિતી આપી હતી. નવી દિલ્હીથી સવારે પહોંચેલા જનરલ સિંહે જમ્મુમાં ટેકનિકલ વિમાની મથકે પહોંચીને તિરંગામાં લપેટવામાં આવેલા શહિદ ભારતીય જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.



## એનડીએ શાસનમાં દર વર્ષે ૮૭૪ મોત : કોંગીનો દાવો

નવી દિલ્હી, તા. ૭

સંરક્ષણ પ્રધાન એકે એન્ટોની પર વિરોધ પક્ષોએ જોરદાર પ્રહારો કર્યા બાદ કોંગ્રેસે પણ વળતા આક્ષેપો એનડીએ પર કર્યા છે. આને લઈને રાજકીય લડાઈ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસના પ્રવક્તા અજય માકને ટ્વિટર પર જણાવ્યું છે કે યુપીએ અને એનડીએના શાસનકાળ દરમિયાન પાકિસ્તાની સેનાના હુમલા અને ઘૂસણખોરીની સરખામણી કરવામાં આવે તો એનડીએના શાસનમાં સ્થિતિ વધુ ખરાબ હતી. માકને કહ્યુ હતુકે એનડીએના શાસનમાં૧૯૯૮થી ૨૦૦૪ના ગાળા દરમિયાન જમ્મુ કાશ્મીરમાં સૌથી વધુ ૬૧૧૫ સામાન્ય નાગરિક માર્યા ગયા હતા એનો મતલબ એ થયો કે દર વર્ષે ૮૭૪ લોકોના મોત થયા હતા જ્યારે યુપીએના શાસનકાળમાં છેલ્લા વર્ષે માત્ર ૧૫ લોકોના મોત થયા હતા. એનડીએના શાસનમાં ૧૯૯૮થી ૨૦૦૪ના શાસનકાળ દરમિયાન કુલ ૨૩૬૦૩ આતંકવાદી હુમલા થયા હતા. એટલે કે દર વર્ષે ૩૩૭૨ આતંકવાદી હુમલા થયા હતા જ્યારે યુપીએના શાસનમાં છેલ્લા વર્ષે માત્ર ૨૨૦ હુમલાઓ થયા છે. માકનના જણાવ્યા મુજબ આ આંકડા યુપીએ સરકારની કટિબદ્ધતા દર્શાવે છે. આગ્રા સંમેલન, લાહોર ઘોષણાપત્ર અને કારગીલ હુમલા દરમિયાન ભાજપની નીતિની નિષ્ફળતા આ બાબત સાબિત કરે છે. કોંગ્રેસ અને ભાજપ વચ્ચે એલઓસી પર હુમલાને લઈને રાજકીય ઘમસાણની શરૂઆત થઈ છે.

## આસામના હિંસાગ્રસ્ત કારબી એંગલોંગમાં સ્થિતિમાં સુધાર

દીફુ, તા. ૭

આસામના હિંસાગ્રસ્ત કારબીએંગલોગ જિલ્લામાં સંચારબંધી આજે હળવી કરવામાં આવી હતી જો કે સ્થિતિ હજુ પણ તંગ બનેલી છે. બે દિવસ સુધી જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયા બાદ લોઅર આસામમાં આજે સ્થિતિ ધીમે ધીમે સામાન્ય બનવા તરફ વધી હતી.



લોઅર આસામમાં ત્રણ દિવસ સુધી બંધની હાંકલ કરાઈ હતી. આજે કોઈ નવેસરના હિંસાના બનાવ ન બનતા સંચારબંધી હળવી કરાઈ હતી. અલગ તેલંગાણા રાજ્યની રચના કરવામાં આવ્યા બાદથી અલગ કારબી રાજ્ય માટેની માંગણીને લઈને વ્યાપક હિંસા થઈ ચુકી છે. છેલ્લા કેટલાક દિવસથી જારી હિંસાના પરિણામ સ્વરૂપે સ્થિતિ વિસ્ફોટક બની ગઈ હતી પરંતુ આજે નવેસરના હિંસાના બનાવ બન્યા ન હતા. જિલ્લા વહીવટી તંત્રએ સવારે છ વાગ્યાથી સાંજે છ વાગ્યના ગાળામાં હેડક્વાર્ટર શહેર દીફુમાં સંચારબંધી હળવી કરવામાં આવી હતી. હાંમરેંગ પોલીસ જિલ્લામાં સંચારબંધી સવારે ૧૦ વાગ્યથી ૭ કલાક માટે હળવી કરવામાં આવી હતી. બીજી બાજુ કોકરાઝાર, બોંગાઈગામ, ચીરાંગ, બકસા, ડુબરી, ગોલપારામાં ત્રણ દિવસના બંધના કારણે જનજીવન હજુ સુધી ખોરવાયેલું રહ્યુ હતુ. અલગ બોડોલેન્ડ રાજ્યની માંગણીને લઈને બંધની હાંકલ કરાઈ હતી. પાંચમી ઓગસ્ટથી બંધની શરૂઆત થઈ હતી. આજે સવારે આ ગાળો પૂરો થયો હતો.

ઓલ બોડો સ્ટુડન્ટ યુનિયન દ્વારા ૬૦ કલાકની રાજ્યવ્યાપી બંધની હાંકલ કરી હતી પરંતુ ઈદના પરિણામે આ ગાળાને ઘટાડીને ૪૮ કલાક કરાયો હતો. બીજી બાજુ ઓલ કોચ સ્ટુડન્ટ યુનિયન દ્વારા ઈદના કારણે ૩૬ કલાકના બદલે બંધનો ગાળો ઘટાડીને ૩૧ કલાક કર્યો હતો. બીજી બાજુ યુનાઈટેડ પિપલ્સ ડેમોક્રેટિક ફોરમે ૧૫૦૦ કલાકના બંધની હાંકલને સસ્પેન્ડ રાખવાનો નિર્ણય કર્યો છે.

## સમાચાર ઝલક

- ♥ પાલનપુરમાં હિન્દુ - મોદી યુવાન છેલ્લા ૧૨ વર્ષથી રોઝા રાખી રહ્યો છે, કટ્ટરપંથીઓને નવો રાહ ચીંધતો યુવાન.
- ♥ ડીસા હાઇવે ઉપર ચક્કાજામ ટ્રાફિકથી દરરોજ એક દર્દીનું મોત થતું હોવાનો ચોંકાવનારો અહેવાલ.
- ♥ સુરેન્દ્રનગરમાં જજ ઉપર બળાત્કારના આરોપીનો જીવલેણ હુમલો, જજ દવાખાનામાં સારવાર હેઠળ.
- ♥ બી.એસ.એન.એલ. સર્વર ભાડે આપશે.
- ♥ ચીની સરહદે ભારત ૮૦૫ કિ.મી. લાંબી સડકનું નિર્માણ કરશે.
- ♥ દક્ષિણ ગુજરાતમાં લેપ્ટોનો હાહાકાર, ૭નાં મૃત્યુ ખેતમજૂરોમાં ભારે ફફડાટ.
- ♥ કરાંચીમાં હિંસાની હોળી યથાવત, ૮ની હત્યા.
- ♥ પુરૂષોમાં પણ સ્તન કેન્સરના કેસો વધ્યા : અહેવાલ.
- ♥ ધ્યાનચંદ માટે યુથ-સ્પોર્ટ્સ મંત્રાલય દ્વારા 'ભારત રત્નની ભલામણ.'
- ♥ મધ્યપ્રદેશ સરકારે મદ્રેસામાં ગીતાના પાઠ ભણાવવાનો નિર્ણય પાછો ખેંચ્યો.
- ♥ ૧૮૨ મીટરનું સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદારની પ્રતિમા માટે ૨૦૬૩ કરોડનું ટેન્ડર.
- ♥ શ્રાવણમાં ભોળાનાથની પૂજા મોંઘી બની, ફૂલ, ગાયનું દૂધ, ઘી, પૂજાસામગ્રીમાં ભાવ વધારો.
- ♥ હવે ફરાળી સિઝનમાં - ખાખરા, બિસ્કીટ, ઢોસાની વાનગીઓ ઉમેરાઇ.
- ♥ સિદ્ધપુર જેલમાંથી આરોપી દિવાલ કુદી ફરાર.
- ♥ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ રજિસ્ટ્રારને આર.ટી.આઇ.માં માહિતી અધુરી આપતાં દંડ થયો.
- ♥ વિજાપુરમાં પાંજરાપોળમાં પશુઓના મોત માટે પ્રાંત અધિકારી, મામલતદાર, પશુ ચિકિત્સકને નોટિસો.
- ♥ નવી દિલ્હીમાં દર બે મિનિટે મહિલાની છેડતીનો બનાવ બને છે.
- ♥ ભારતમાં કોલ સેન્ટરો પર સંકટના વાદળો ઘેરાયા.
- ♥ બાળક દત્તક લેવાનાં કિસ્સામાં લિમિટેડ કંપનીઓની નવી પોલિશી, પુરા પગારે રજા મળશે.
- ♥ આસામમાં ઇદ બાદ ૧૦૦૦ કલાકની હડતાળની બોડો લોકોની ધમકી.
- ♥ મધ્યાહ્ન ભોજન યોજનામાં કેળાની ચોકલેટ આપવા ગુજરાત સરકારની વિચારણા.
- ♥ દર વર્ષે ૮૦૦૦ વિદ્યાર્થીઓ મેડિકલ શિક્ષણ માટે વિદેશ જાય છે.
- ♥ દુર્ગાશક્તિ નાગપાલ આઇએએસને વક્ફ બોર્ડની ક્લીનચીટ, દિવાલ તોડી નથી.
- ♥ રૂપિયાને સ્થિર કરવા આર.બી.આઇ.એ પગલાં લીધા.
- ♥ પાકિસ્તાની અભિનેત્રી વીણા મલિક બોલીવુડમાં ટકી રહેવા મરણીયો પ્રયાસ કરી રહી છે.

## તાલિબાની ત્રાસવાદીઓને ઘૂસાડી આતંક મચાવવાની ISIની યોજના

નવી દિલ્હી, તા. ૭

અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર આતંકવાદીઓ દ્વારા ઘૂસણખોરીના પ્રયાસો અને પાકિસ્તાની સેના દ્વારા યુદ્ધ વિરામનો ભંગ સતત કર્યા કરાયા બાદ ભારતીય સુરક્ષા સંસ્થાઓને એવી ચિંતા છતાવી રહી છે કે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા જમ્મુ કાશ્મીરમાં હવે કુખ્યાત અફઘાન તાલિબાન ત્રાસવાદીઓને ઘૂસાડવાના પ્રયાસ કરી શકે છે. અફઘાન તાલિબાની ત્રાસવાદીઓ હુમલા કરવામાં વધારે કુશળતા ધરાવે છે. કારણ કે તાલિબાની ત્રાસવાદીઓ વધુ સારી તાલિમ મેળવેલા છે. અફઘાનિસ્તાનમાંથી નાટોના નેતૃત્વમાં સુરક્ષાદળોની વાપસી માટેની વર્ષ ૨૦૧૪ની મહેતલ નજીક આવી રહી છે ત્યારે જમ્મુ કાશ્મીરમાં ઘૂસણખોરીનો પ્રયાસ તીવ્ર બની શક્યો છે. અફઘાની તાલિબાની ત્રાસવાદીઓને ઘૂસાડવાના પ્રયાસ વધુ બની શકે છે. આઈએસઆઈ દ્વારા શરૂઆતથી જ ભારત વિરોધી તત્ત્વોને ભારતમાં ઘૂસાડવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. પાકિસ્તાનની પશ્ચિમી અને પૂર્વીય સરહદો ઉપર આઈએસઆઈ મોરચા ખોલવા માટેના પ્રયાસમાં છે. શનિવારના દિવસે જ પૂર્વીય અફઘાનિસ્તાનમાં જલાલાબાદ ખાતે ભારતીય કોન્સ્યુલેટ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. જો કે આમા કોઈ ખુવારી થઈ ન હતી પરંતુ વાસ્તવિક ચિંતા એ છે કે આઈએસઆઈ દ્વારા હવે તાલિબાની ત્રાસવાદીઓને જમ્મુ કાશ્મીરમાં ઘૂસાડવાના પ્રયાસો શરૂ થઈ ચૂક્યા છે. ટોચના સુરક્ષા અધિકારીએ આ અંગેની માહિતી આપતા કહ્યું છે કે એવી દહેશત છે કે ટૂંક સમયમાં જ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ચાલી રહેલા ત્રાસવાદી કેમ્પોમાંથી તાલિમ લીધા બાદ આતંકવાદીઓ ઘૂસણખોરીના પ્રયાસ કરી શકે છે.

જમ્મુ કાશ્મીરમાં અને સરહદ ઉપર ભારતીય સુરક્ષા જવાનો સામે લડવામાં નિષ્ફળ રહેવાની સ્થિતિમાં અફઘાન ફાઈટરો હવે વધુ સારી તાલીમ લઈ રહ્યા છે. પ્રોફેશનલ ફાઈટરોને મોકલવા પાછળનો હેતુ એ છે કે જમ્મુ કાશ્મીરમાં આતંક મચાવી શકાય. જમ્મુ કાશ્મીરમાં ગોઠવવામાં આવેલા ભારતીય સુરક્ષાદળો સામે સીધી સ્પર્ધા કરવાનો પણ હેતુ રહેલો છે.

## અમરનાથ દર્શન માટે ૧૦૧ શ્રદ્ધાળુની નવી ટુકડી રવાના

જમ્મુ,તા. ૭

અમરનાથ યાત્રા શાંતિપૂર્ણરીતે ચાલી રહી છે. દક્ષિણ કાશ્મીર હિમાલયમાં પવિત્ર અમરનાથની ગુફા માટે આજે વહેલી પરોઢે શ્રદ્ધાળુઓનો નવો કાફલો રવાના થયો હતો. શ્રદ્ધાળુઓના નવા કાફલામાં ૧૦૧ શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય છે. આ તમામ શ્રદ્ધાળુઓ ત્રણ મોટા વાહનોમાં રવાના થયા હતા. પોલીસે માહિતી આપતા કહ્યુ હતુ કે અમરનાથના દર્શન માટે ૪.૪૫ વાગ્યની આસપાસ ભગવતીનગર ખાતે યાત્રી નિવાસથી ૧૦૧ શ્રદ્ધાળુઓનો કાફલો રવાના થયો હતો. ૪૧મી બેંચ રવાના થયા બાદ શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધુ વધારો થયો છે. આજની બેંચમાં ૫૩ પુરુષો અને ૭ મહિલાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ બેંચમાં સાધુ-સંતો અને બાળકોનો પણ સમાવેશ થાય છે. અમરનાથ યાત્રા હાલમાં પહેલગામ અને બલતાલ એમ બે બેઝકેમ્પથી શાંતિપૂર્ણરીતે આગળ વધી રહી છે. આજની બેંચ સાથે જમ્મુ બેઝ કેમ્પથી હજુ સુધી રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા વધીને ૫૧૩૨૫ પર પહોંચી ચુકી છે. અમરનાથ યાત્રા દરમિયાન હજુ સુધી કોઈ પણ અનિચ્છનિય બનાવ બન્યો નથી. યાત્રા શાંતિપર્ણરીતે પસાર થઈ રહી છે જેથી જમ્મુ કાશ્મીર સરકાર અને તંત્રને પણ રાહત થઈ છે. આ વખતે અમરનાથ યાત્રા દરમિયાન અનિચ્છિનિય બનાવને ટાળવા માટે વધુ પગલા લેવામાં આવ્યા હતા. આરોગ્યની દષ્ટિએ પણ વધુ લગલા લેવાયા હતા જેના લીધે શ્રદ્ધાળુઓના મોત પણ ઓછા પ્રમાણમાં થયા છે. અમરનાથ યાત્રા પરંપરાગતરીતે રક્ષાબંધન દિવસ સુધી ચાલશે.

## કરદાતાઓ દ્વારા ૧.૨૩ કરોડથી વધારે ઈ-રિટર્ન

મુંબઈ,તા.૭

વર્તમાન ફાઈલીંગની સિઝન દરમિયાન કરદાતાઓ દ્વારા ૧.૨૩ કરોડ ઈ રિટર્ન ફાઈલ કરવામાં આવી ચુકયા છે જે ગયા વર્ષની સરખામણીમાં ખૂબ વધારે છે. ગયા વર્ષે જે આંકડા નોંધાયા હતા તેની સરખામણીમાં ૬૮ ટકાનો ઉલ્લખનીય વધારો થયો છે. ઈન્કમટેક્સ રીટર્ન ભરવા માટેની સમય મર્યાદા પાંચમી ઓગસ્ટના દિવસે પરિપૂર્ણ થઈ હતી ત્યારબાદથી નવેસરના આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે જે દર્શાવે છે કે ૮૭ લાખ પગારદાર વર્ગના કરદાતાઓએ આ વર્ષે ઓનલાઈન ટેક્સ રિટર્ન ભર્યા છે. ગયા વખતની સરખામણીમાં ૮૫ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. આજે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ(સીબીડીટી) દ્વારા જણાવવામાં આવ્યુ છે કે પાંચમી ઓગસ્ટ ૨૦૧૩ સુધી ૧૨૩.૦૩ લાખ રિટર્ન પાંચમી ઓગસ્ટ સુધી ઈ ફાઈલ દાખલ કરાયા છે જે ગયા વર્ષે આજ ગાળામાં દાખલ કરવામાં આવેલા ઈ રિટર્નની સરખામણીમાં ૬૮.૩ ટકા વધારે છે. ગયાવર્ષે આ ગાળામાં ૭૩.૧૧લાખ રિટર્ન ઈ ફાઈલીંગ મારફતે ભરાયા હતા. પાંચમી ઓગસ્ટ સુધીના આંકડા દર્શાવે છે કે આઈટીઆર એક અને આઈટીઆર બે હેઠળ ૮૭૧૩૪૯૩ રિટર્ન ઈ ફાઈલ મારફતે ભરાયા છે. નિવેદન દર્શાવે છે કે ઓનલાઈન રિટર્ન ભરનારાઓની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો થયો છે. બોર્ડે અગાઉ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માટે આઈટી રિટર્ન ભરવા માટેની છેલ્લી તારીખ વધારીને પાંચમી ઓગસ્ટ કરી હતી. જોરદાર ધસારો તાજેતરમાં જોવા મળ્યો હતો. રસપ્રદ બાબત એ છે કે પાંચમી ઓગસ્ટના દિવસે ૬.૯૨ લાખ રિટર્ન ઈ ફાઈલ થયા હતા.

## ચર્ચા સભા (પાના નં. ૪ નું ચાલુ)

પશ્ચિમની વિચારધારાનું એક વિચારસૂત્ર છે -

**We are masters of Universe.**

આપણી વિચારધારા કહે છે -

**We are particle of Universe.**

પશ્ચિમી વિચારધારામાં વિશ્વના માલિક હોવાના ભાવે અનેક વિકૃતિઓને જન્મ આપ્યો. કાળા-ગોરાની રંગભેદની નીતિ, માંસાહાર, આર્થિક શોષણ ઉપભોક્તાવાદ... વગેરે આ વિચારધારાનાં જ ફરજંદ છે. આપણે વિશ્વના માલિક નહીં, અંશ હોવાની અનુભૂતિ કરીએ છીએ, જેના પરિણામે અહિંસા અને જડ-ચેતન સૃષ્ટિ સાથે સમન્વયનો ભાવ સર્જાયો છે.

પ્રકૃતિ પાસે માનવની જરૂરિયાત સંતોષવ પર્યાપ્ય છે,
પણ માનવનો લોભને સંતોષવા કાંઈ જ નથી.

ભારતીય જીવનશૈલીમાં ગાયને એટલે સુધી જ દોહવામાં આવે છે કે એના વાછરડાંને ધાવવા માટે દૂધ બાકી રહે. પશ્ચિમના દેશો તો એ માટે મશીનનો ઉપયોગ કરે છે અને ગાયનાં આંચળમાંથી લોહી નીકળે ત્યાં સુધી દૂધ કાઢે છે. ગાય વધુ દૂધ આપે એ માટે એને માંસ ભક્ષણ કરાવવામાં આવે.

આ બધું કુદરતના નિયમ અને ક્રમની વિપરીત છે અને અક્ષમ્ય અપરાધ પણ છે.

ભારતમાં થોડા વર્ષો પહેલાં બળદથી ખેતર ખેડાતાં - પશ્ચિમના ઉપભોક્તાવાદના અંધાનુકરણમાં અને વધુ ઉત્પાદન મેળવવાની લાલચમાં ભારતે ટ્રેક્ટર અપનાવ્યું અને અળશિયાં, દેડકા અને સાપની ચક્રીય વ્યવસ્થામાં વિક્ષેપ ઉત્પન્ન કર્યો. જેટલું વિદેશમાં આવે એ બધું કંઇ સારૂં જ હોય એવું નથી. દરેક નિર્ણયમાં વિવેકબુદ્ધિ કામે લગાડવી જોઈએ.

(અપૂર્ણ)

## નિરા રાડિયા ટેપ : નિષ્ક્રિયતા બદલ સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

નવી દિલ્હી, તા. ૭

સુપ્રીમ કોર્ટે આજે ભૂતપૂર્વ કોર્પોરેટ લોબિસ્ટ નિરા રાડિયાની ટોચના રાજકારણીઓ સાથે ફોન પર થયેલી વાતચીતની ટેપના આધાર પર યોગ્ય પગલા ન લેવા બદલ સરકારી સંસ્થાઓની જોરદાર ઝાટકણી કાઢી હતી. નિરા રાડિયા ટેપ મામલામાં નિષ્ક્રિયતા બદલ સુપ્રીમ કોર્ટે લાલઆંખ કરી હતી. નિરા રાડિયાએ ટોચના રાજકારણીઓ, બિઝનેસ મેન અને અન્યો સાથે વાતચીત કરી હતી જેની ટેપ કરવામાં આવી હતી. સરહદ પારથી લેવડદેવડ જેવા જુદા જુદા મામલાઓમાં આ વાતચીત થઈ હતી. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે જુદા જુદા વિષયો સાથે સંબંધિત વાતચીતની સરકારી સંસ્થાઓ દ્વારા અવગણના કરવામાં આવી હતી. સરકારી સંસ્થાઓએ શરૂઆતમાં ટુજી કૌભાંડ સાથે સંબંધિત બાબતો પર વિશેષ ધ્યાન આપ્યુ હતુ. જસ્ટિસ જીએસ સિંઘવીના નેતૃત્વમાં બેંચે કહ્યુ



હતુ કે દરેક સરકારી વિભાગમાં મધ્યસ્થીઓની ઉપસ્થિતિ આમાં નજરે પડે છે. વાતચીતની બાબતથી ઘણી ચીજો ઉભરીને સપાટી પર આવે છે. બેંચે કહ્યુ હતુકે દરેક સરકારી ક્ષેત્રમાં ખાનગી લોકોની ભૂમિકાઓ મહત્વની રહે છે. કોર્ટે એમ પણ કહ્યુ હતુકે વાતચીત ટુજી મુદ્દાઓ કરતા વધારે મહત્વની છે. કોર્ટે એમ પણ કહ્યુ છે કે આ બાબત માત્ર ટેલિકોમ સેકટર સુધી મર્યાદિત નથી. કોર્ટે જાહેર હિતની અરજી પર સુનાવણી ચલાવતીવેળા ઘણા તારણો આપ્યા હતા. વાતચીત ૧૬મી નવેમ્બર ૨૦૦૭ના દિવસે નાણાં મંત્રાલય સમક્ષ કરવામાં આવેલી ફરિયાદના આધાર પર નોંધવામાં આવી હતી. આ ફરિયાદમાં જણાવવામાં આવ્યુ હતુ કે નવ વર્ષના ટૂંકા ગાળામાં નિરા રાડિયાએ ૩૦૦ કરોડનો વેપારી સામ્રાજ્ય સ્થાપિત કરી લીધુ હતુ. આ પ્રકારના ગંભીર આક્ષેપો થયા બાદ રાડિયાના ફોન પર નજર રાખવા અને વાતચીત ટેપ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે નિરા રાડિયા ટેપે રાજકીય ગરમી જગાવી હતી.